# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-04-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) **રાજ્યમાં ગેસ, પેટ્રોલ, ડીઝલ,ફર્ટીલાઇઝર સહિતની આવશ્યક ચીજ વસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ**
2) **હોટલ રેસ્ટોરાંમાં પનિરના બદલે એનાલોગના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા ખોરાક અને ઔષધ નિયિમન વિભાગનો તંત્રને આદેશ.**
3) **સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષોએ કમર કસી.**
4) **દાદરા અને નગર હવેલીમાં ગેસ સિલિન્ડરના ગોડાઉનમાં થયેલા પ્રચંડ વિસ્ફોટમાં ચારના મોત.**
5) **આઇપીએલમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મુકાબલો.**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SURAT GAS LPG MEET

સુરત જિલ્લામાં પેટ્રોલ-ડીઝલ-ગેસ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો સરળતાથી ઉપલબ્ધ બને અને વિતરણ વ્યવસ્થા અબાધિત અને સુગમ બને એ માટે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમીટેડના મેનેજીંગ ડાયરેક્ટર અવંતિકાસિંઘના અધ્યક્ષસ્થાને સુરત જિલ્લા સેવા સદન ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં અવંતિકાસિંઘે જણાવ્યું કે, જ્યાં ગેસલાઈન ઉપલબ્ધ છે તેવા વિસ્તારોમાં તા.૩૦ જૂન સુધીમાં નવા ડોમેસ્ટીક PNG કનેક્શન માટે અરજી કરનાર ગ્રાહકને રૂ.૫૦૦ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

સમગ્ર રાજ્યમાં હાલ ગેસ, પેટ્રોલ, ડીઝલ, ફર્ટીલાઇઝર સહિતની આવશ્યક ચીજ વસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ભવિષ્યમાં પણ આ સપ્લાય પૂરતી માત્રામાં મળી રહે તે અંગેની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી છે

શ્રીમતિ સિંઘે કહ્યું કે, સુરત શહેરમાં ૧૫.૨૦ લાખ ડોમેસ્ટીક PNG કનેક્શન છે. જેઓને નિયમિત ગેસ પુરવઠો મેળવવામાં કોઇ તકલીફ ન રહે તે માટે ઓઇલ એન્ડ ગેસ કંપનીઝ સાથે સરકાર સતત સંકલનમાં છે.

# LPG TANKER - HORMUZ

ભારતીય ધ્વજવાળું LPG ટેન્કર ગ્રીન સાનવી, યુદ્ધગ્રસ્ત હોર્મુઝ સ્ટ્રેટને સુરક્ષિત રીતે પાર કરીને ભારત પરત ફરી રહ્યું છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ એશિયાઈ સંઘર્ષ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થનાર આ સાતમું ભારતીય LPG ટેન્કર છે. હાલમાં, પશ્ચિમ પર્સિયન ગલ્ફ ક્ષેત્રમાં 17 ભારતીય ધ્વજવાળા જહાજો છે જે 400 થી વધુ ભારતીય ખલાસીઓને લઈ જાય છે. અત્યાર સુધીમાં, 1,130 થી વધુ ભારતીય ખલાસીઓ ગલ્ફ ક્ષેત્રમાંથી સુરક્ષિત રીતે ઘરે પરત ફર્યા છે.

જહાજ માલિકો અને ભારતીય મિશન સાથે સંકલનમાં શિપિંગ ડિરેક્ટોરેટ જનરલ સક્રિય રીતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. DG શિપિંગ કંટ્રોલ રૂમસતત કાર્યરત રહે છે.

# Food and Drug Administration

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગર દ્વારા હોટેલ/રેસ્ટોરન્ટ/તૈયાર ખોરાકના એકમોમાં ઉપયોગમાં લેવાતા પનીર ખાદ્ય ચીજની જગ્યાએ એનાલોગનો ઉપયોગ અટકાવવા બાબતે અધિકારીઓને સુચનાઓ આપવામાં આવી છે.

તમામ ખાદ્ય વ્યવસાય સંચાલકોને સૂચિત કરવામાં આવે છે કે, તેઓ પોતાના ઉત્પાદનોના ઉત્પાદન, પેકેજિંગ, લેબલિંગ તથા વેચાણ દરમિયાન સંપૂર્ણ પારદર્શિતા જાળવે અને સંબંધિત નિયમોનું કડક પાલન કરે. ખાસ કરીને દૂધના સ્થાને વેજિટેબલ ફેટ, સ્ટાર્ચ અથવા અન્ય વિકલ્પો વડે તૈયાર કરવામાં આવતા ઉત્પાદનોને "Paneer" તરીકે રજૂ કરવું અથવા વેચાણ કરવું કાયદેસર ગુનો છે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.ગ્રાહકોને પણ અનુરોધ કરવામાં આવે છે કે તેઓ ખાદ્ય પદાર્થ ખરીદતી વખતે લેબલની માહિતી ધ્યાનપૂર્વક વાંચે અને શંકાસ્પદ અથવા ભ્રામક ઉત્પાદનો અંગે નજીકના ખાદ્ય સુરક્ષા કચેરીનો સંપર્ક કરે.

# RTE ADMISSION OPENS

ગુજરાતમાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ શૈક્ષણિક વર્ષ **2026-27** માટે પહેલા ધોરણમાં મફત પ્રવેશ માટેની ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા આજથી શરૂ થઈ ગઈ છે. પ્રવેશ માટેના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ **17** એપ્રિલ **2026** છે. પ્રવેશ માટે સત્તાવાર વેબસાઈટ **rte.orpgujarat.com** પરથી ઓનલાઈન અરજી કરી શકાશે. જે બાળકની ઉંમર પહેલી જૂન **2026** ના રોજ **6** વર્ષ પૂર્ણ થયેલ હોય તે જ પ્રવેશ મેળવી શકશે..પ્રવેશ માટે વાલીની વાર્ષિક આવક મર્યાદા **6** લાખ રૂપિયા સુધી નક્કી કરવામાં આવી છે. પ્રસ્તુત છે એક અહેવાલ

## VOICE CAST- CAHITALI JOSHI

આરટીઇ હેઠળ પ્રવેશ માટે બાળક અને વાલીનું આધારકાર્ડ, જન્મનો દાખલો, રહેઠાણનો આવકનો દાખલો અને જાતિનું પ્રમાણપત્ર તૈયાર રાખવા વાલીઓને સૂચના આપવામાં આવી છે. જેમાં આ વર્ષે અગ્રતાક્રમ મુજબ, અનાથ બાળક, સંભાળ-સંરક્ષણની જરૂરિયાતવાળું બાળક, બાલગૃહના બાળકો, બાળમજૂર-સ્થાનાંતરીત મજૂરના બાળકો, મંદબુદ્ધિ-સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો-શારીરિક રીતે વિકલાંગ બાળકો,

એન્ટિ-રેટ્રોવાયરલ થેરેપી સારવાર લેતા બાળકો, શહીદ થયેલ લશ્કરી-પોલીસદળના જવાનોના બાળકો, માતા-પિતાને સંતાનમાં એક જ દીકરી હોય તેવું બાળક, એસી-એસટી, એઈબીસી-જનરલ સહિતના બીપીએલ કુટુંબના બાળકો, એસસી-એસટી કેટેગરીના બાળકો, એસઈબીસી-ઈડબલ્યુએસ-વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો, રાજ્ય સરકારની આંગણવાડીના બાળકો અને સામાન્ય કેટેગરી (બિનઅનામત)ના બાળકોનો સમાવેશ થાય છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# UMERTH FORM

ઉમરેઠની ખાલી પડેલી વિધાનસભાની બેઠક માટે યોજાનારી 23 એપ્રિલે પેટા ચૂંટણીના ઉમેદવારી પત્ર ભરવાની કામગીરી ચાલી રહી છે. જે અંતર્ગત આજે ત્રણ ઉમેદવારોએ છ નામાંકન પત્રો ભર્યા હતા જેમાં ભારતીય નેશનલ જનતા દળ, ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. અત્યાર સુધીમાં 17 અરજદારો દ્વારા 42 ઉમેદવારી પત્રો મેળવવામાં આવ્યાં છે.. જ્યારે છઠ્ઠી એપ્રિલ સુધીમાં ઉમેદવારી પત્રો ભરી શકાશે.

# LOCAL BODY ELECTION

રાજ્યમાં 26 એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાનારી છે. ત્યારે તમામ રાજકીય પક્ષોએ આ ચૂંટણી માટે એડીચોટીનું જોર લગાવી દીધુ છે.. ભારતીય જનતા પાર્ટીએ તેમના ઉમેદવારોની પસંદગી માટે અમદાવાદ સહિતના વિસ્તારોમાં ઉમેદવારો પસંદ કરવા માટે સેન્સની પ્રક્રિયા શરુ કરી દીધી છે.. જ્યારે કોંગ્રેસ પાર્ટીએ પણ આજે ઉમેદવારોની પસંદગી સહિતની ચૂંટણીની તૈયારીઓ માટે અમદાવાદમાં પ્રદેશ કાર્યાલય ખાતે બેઠક યોજી હતી..જ્યારે આમ આદમી પાર્ટીએ જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયત સહિતની બેઠકોની ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી.

# PANCHMAHAL SIMANKAN

પંચમહાલ જિલ્લામાં ગોધરા નગરપાલિકાની ચૂંટણી 26 એપ્રિલે યોજાનાર છે, જેમાં નવા સીમાંકન અને 27 ટકા OBC અનામતથી મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. 6 ગ્રામ પંચાયતોના સમાવેશથી નવ હજાર 56 નવા મતદારો ઉમેરાતા કુલ મતદારોની સંખ્યા એક લાખ 21 હજાર 954 પહોંચી છે. વોર્ડ 7 સૌથી મોટો અને વોર્ડ 5 સૌથી નાનો બન્યો છે. ખાસ કરીને, પાલિકાના પ્રથમ અઢી વર્ષ માટે પ્રમુખ પદ OBC મહિલા માટે અનામત રાખવામાં આવ્યું છે.

# DADRA NAGAR HAVELI-BLAST

દાદરા અને નગર હવેલીના દાદરા વિસ્તારમાં ગેસ સિલિન્ડરના વેરહાઉસમાં થયેલા પ્રચંડ વિસ્ફોટમાં ચાર લોકોના મોત થયા છે અને અન્ય છ લોકો ઇજાગ્રસ્ત થયા છે. આજે વહેલી સવારે નાઇટ્રોજન અને ઓક્સિજન સિલિન્ડરનો સંગ્રહ કરતી વખતે આ વિસ્ફોટ થયો હતો. અમારા પ્રતિનિધિના જણાવ્યા મુજબ, વેરહાઉસમાં નાઈટ્રોજન સિલિન્ડર રિફિલ કરતી વખતે એક સિલિન્ડર અચાનક ફૂટ્યો હતો

તાત્કાલિક કટોકટી ટીમો અને વરિષ્ઠ અધિકારીઓ બચાવ કામગીરી શરૂ કરવા માટે ઘટનાસ્થળે દોડી ગયા હતા. દસ ઇજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ચારના મોત થયા હતા. જિલ્લા કલેક્ટર પ્રિયંક કિશોરે પુષ્ટિ આપી હતી કે વિસ્ફોટથી આસપાસના વિસ્તારમાં વાહનો અને સંપત્તિને નોંધપાત્ર નુકસાન થયું છે.

# WEATHER

રાજ્ય પર વેસ્ટન ડિસ્ટર્બન્સ સક્રિય થયું હોવાને કારણે આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, આજે અમરેલી ભાવનગર ગીર સોમનાથ અને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લા થન્ડર સ્ટોમ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે 7 એપ્રિલના દ્વારકા જામનગર કચ્છ બનાસકાંઠા સાબરકાંઠા અરવલ્લી મહીસાગર છોટાઉદેપુર તાપી નર્મદા ડાંગમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

8 એપ્રિલ બાદ 2 થી 3 ડીગ્રી તાપમાનમાં વધારો થશે જેને કારણે ગરમીમાં વધારો થવાની શક્યતા છે જોકે આગામી આઠમી એપ્રિલ પછી વરસાદની સંભાવના નહિવત છે.

**BYTE – RAMASHRAY YADAV**

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ ક્રિકેટમાં, ગુજરાત ટાઈટન્સ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સ સામે આજે રમશે. આ મેચ સાંજે 7.30 વાગે શરૂ થશે. રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી. મેચને લીધે અમદાવાદ મેટ્રો સેવા મીડી રાત સુધી ચાલશે.

જ્યારે આજે દિલ્હી કેપિટલ્સ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડીસે નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટે 162 રન બનાવ્યા હતા. અગાઉ, દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો .

# Restrictions on election campaign stations

અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણી મુકત ન્યાયી અને સરળ સંચાલનમાં મુશ્કેલીઓ ઉભી ના થાય તે માટે ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ મતદાનના દિવસે ચૂંટણી પ્રચાર મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

જેમાં કોઈ પણ મતદાન મથક થી ૨૦૦ મીટરની હદમાં મતદારોને મતદાર યાદીનો ક્રમ નંબર કાઢી આપવા કે કાપલી લખી આપવા માટે તેમના કેમ્પ ઉભા કરવા નહિ કે તેવી કોશિષ કરવી નહીં.મતદાન મથકે એક થી વધુ મતદાન મથકો હોય તેમ છતા દરેક ઉમેદવાર દીઠ ૨૦૦ મીટરની હદ બહાર ફકત ૧ (એક) કેમ્પ જેમાં ટેબલ અને બે ખુરશી અને છાયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી (ઢાંકેલું) બનાવવાનું રહેશે. બુથને ચારે બાજુ કંતાન વડે બંધ કરી શકાશે નહીં.કોઇપણ વ્યક્તિ મતદાન મથક/કેંદ્ર ની અંદર સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ અને અનઅધિકૃત વસ્તુ કે ગેરકાયદેસર વસ્તુ લઈ પ્રવેશ કરી શકશે નહિં.

# KUTCH ELECTION

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ની જાહેરાત થતાની સાથે જ સમગ્ર રાજ્યમાં આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ચૂક્યો છે. આજે કચ્છ કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી આનંદ પટેલની અધ્યક્ષતામાં ચૂંટણીલક્ષી બેઠક યોજાઈ હતી.

આ બેઠક દરમિયાન ચૂંટણી વ્યવસ્થાપનના વિવિધ પાસાઓ તેમજ માનવબળ વ્યવસ્થાપન, ઉમેદવારી પત્રોની રજૂ કરવાની પ્રક્રિયા સંચાલન, ઉમેદવારી પત્રોની ચકાસણી, પ્રતીક ફાળવણી ચૂંટણી નિરીક્ષકો સાથે સંકલન તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા જેવા મહત્વના મુદ્દાઓ પર માહિતી આપવામાં આવી હતી.

જ્યારે ડાંગ જિલ્લાના ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો, પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં જિલ્લાની તમામ શાળા/મહાશાળાઓમાં જનજાગૃતિ રેલી સહિત ચિત્ર સ્પર્ધા, નિંબધ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા જેવા વિશેષ કાર્યક્રમો કરવામાં આવ્યાં હતા. સાથે જ શાળાના તમામ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ "અમે ભારતના નાગરિકો, લોકશાહીમાં અતુટ શ્રધ્ધા ધરાવીએ છીએ, જેથી અમે મતદાન અવશ્ય કરીશુ અને કરાવીશુ" ના શપથ પણ લીધા હતા.

# Bharuch Exam

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા આજે મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશિપ પરીક્ષા યોજાઈ હતી.

જિલ્લાના કુલ 55 પરીક્ષા કેન્દ્રોમાં 500 બ્લોકમાં પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં ગુજરાતી માધ્યમના 13,544 અને અંગ્રેજી માધ્યમના 694 વિદ્યાર્થીઓ સાથે 21 એડિશનલ વિદ્યાર્થીઓ મળી કુલ 14,259 પરીક્ષાર્થીઓએ નોંધાયા છે.